

ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઈકર્મીઓનો સંઘર્ષ હજુ ચાલુ છે. વિવિધ માંગણી અને રજૂઆતોને લઈને સફાઈકર્મીઓ દ્વારા દેખાવો કરવામાં આવે છે. છેલ્લા ૫૦ દિવસથી આ હડતાલ ચાલી રહી છે.

# ચોરેલી ઈકો સાથે ચોરી કરવા નીકળેલ ત્રણ શખ્સો બોરીસણાથી ઝડપાયા

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર-અમદાવાદ જિલ્લામાં ઈકો કારની ચોરી કરી તે જ ઈકો લઈને ઘરફોડ ચોરીને




અંજામ આપતા ત્રણ શખ્સોને બોરીસણા બસ સ્ટેન્ડ પાસેથી એલસીબી પોલીસે બાતમીને પગલે દબોચી લીધા હતા. વાહન-ઘરફોડ ચોરી અને ઘરફોડ ચોરીની કોશિષ સહિત ૮ ગુનાના ભેદ ઉકેલી દીધા છે. પોલીસને આ શખ્સો પાસેથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન નંગ-૩, ઈકો ગાડી, હોન્ડા બાઈક તેમજ ચોરી માટે ઉપયોગમાં લેતા બે ડીસમીસ, પોપટપાનું મળી કુલ રૂ.૪,૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો માણસા-કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે બાતમી મળી હતી કે તાજેતરમાં સમૌ ગામેથી ચોરી થયેલી ઈકો સાથે બે શખ્સો ખાત્રજ થી કલોલ તરફ જવાના છે. જેને પગલે એલસીબી પોલીસના જવાનો બોરીસણા બસ સ્ટેન્ડ નજીક વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે બાતમીવાળી ઈકો કાર લઈ બે શખ્સો આવ્યા હતા. ત્યારે આ શખ્સો પાસે બાઈક લઈને એક શખ્સ પણ મળવા માટે આવ્યો હતો. જેથી એલસીબી પોલીસે કોર્ડન કરી ત્રણેયને પકડી પાડ્યા હતા. પોલીસે નામ પુછતા રતનસિંઘ દિલાવરસિંઘ પટવા (રહે.વિરમગામ),અર્જુનસિંઘ ઈશ્વરસિંઘ ટાંક (રહે. મહેમદાવાદ ખેડા), સમશેરસિંઘ કાલુસિંગ ટાંક(રહે.અરવિંદ મીલ બહાર છાપરામાં કલોલ) હોવાનું જણાવ્યું હતું. જયારે બાઈક પર સવાર શમસેરસિંઘ પાસેથી પોલીસને સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા. જયારે ઈકો કાર સમૌ ગામેથી ચોરી કરી હોવાની હકીકત જણાવી હતી. જયારે દશ દિવસ અગાઉ મોખાસણ ગામે બંધ મકાનનું તાળુ તોડી દાગીનાની ચોરી કરી હતી. ત્યારબાદ ચોરીની ઈકો લઈને સોજા ગામે પણ બંધ મકાનનું તાળુ તોડ્યું હતું.

પરંતુ ખાસ કંઈ ચીજવસ્તુ મળી આવી ન હતી. રાત્રીના સમયે કોઠા અને પલીયડમાં પણ બંધ મકાનોમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો.જયારે ચોથા સાગરીત કરણસિંઘ બિલ્લોસિંઘ (મહેમદાવાદ) સાથે ૧૪ મી જાન્યુઆરીના રોજ ભોજવા ગામેથી ઈકો કારની ચોરી કરી હતી. ઉપરાંત વિરમગામની વૃંદાવન સોસાયટી ખાતે બંધ મકાનનું તાળુ તોડી રૂ.૪૦ હજાર રોકડા ચોરી કર્યા હતા.જયારે વિરમગામની રેલનગર સોસાયટીમાં પણ ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેથી એલસીબીએ ત્રણેય રીઢા ચોરની પકડી પાડી સોના-ચાંદીના દાગીના, ત્રણ મોબાઈલ, ઈકો કાર અને બાઈક મળી કુલ રૂ.૪.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી નાસતા ફરતા કરણસિંઘને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કલોલ ફાયરીંગ પ્રકરણમાં એજન્ટ દેવમ બ્રહ્મભટ્ટ ઝડપાયો

ગાંધીનગર, તા.૬ ફોટો

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના પંચવટી વિસ્તાર મારુતિ બંગ્લોઝમાં કરીયાણાની દુકાન ધરાવતા વિષ્ણુભાઈ પટેલના ભત્રીજા અને તેની પત્નીને અમેરીકા મોકલવા માટે દિલ્હી સુધી ફલાઈટમાં લઈ જનાર એજન્ટ દેવમ બ્રહ્મભટ્ટની એસઓજી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ત્યારે આ પ્રકરણમાં રૂ.૧૦ લાખની ઉઘરાણી કરી ફાયરીંગ કરનાર રેયાન સહિત ત્રણ શખ્સોને અમદાવાદના એજન્ટ મયંક શર્માએ મોકલ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ત્યારે આ મામલે એસઓજી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ પંચવટી વિસ્તારમાં મારૂતિ બંગ્લોઝમાં રહેતા વિષ્ણુભાઈ માણેકલાલ પટેલ ખોડીયાર કિરાણા સ્ટોર્સ નામની દુકાન ચલાવે છે. તેમના ભત્રીજા વિશાલ અને તેની પત્ની રૂપાલીને અમેરીકા મોકલવા માટે તેમના મિત્ર મહેસ વ્યાસે એજન્ટને ઓળખતા હોવાની વાત કરી હતી. બાદમાં તા.૧૮ જાન્યુઆરીએ એજન્ટ રૂત્વીક વિજય પારેખ (રહે.મકાન નં. એ.૫૦૨ સરદાર પટેલ નગર શાસ્ત્રીનગર નારણપુરા) અને દેવમ ગોપાલભાઈ બ્રહ્મભટ્ટ (રહે. બી.૩૦૨ ડાયમંડ ગ્રીન એપાર્ટમેન્ટ ચાંદખેડા) સાથે વિષ્ણુભાઈની બેઠક યોજાઈ હતી. બંન્ને એજન્ટએ દોઢ માસમાં દંપતિને અમેરીકા ટ્રાન્ઝીટ વિઝા ઉપર અમેરીકા મોકલવાની વાત કરી હતી. જે અંગે કપલ માટે રૂ.૧ કરોડ ૧૦ લાખની વાત નક્કી થઈ હતી. બે દિવસમાં અડધુ પેમેન્ટ આપવાની રહેશે ત્યારબાદ ડીલ નક્કી થઈ હતી. ત્યારબાદ ગતરોજ તા.૪ ફેબુઆરીની દંપતિની ટીકીટ આવી ગઈ હતી. વિષ્ણુભાઈને ગાડી આવડતી ન હોવાથી દેવમ



એજન્ટે કહ્યુ હતુ કે મારો માણસ આવશે અને તેને રૂ.૧૦ લાખ બતાવવા પડશે.બંને અમેરીકા પહોંચે એટલે અડધુ પેમેન્ટ અને બાકીનુ દોઢ માસ બાદ આપવાનું નક્કી થયું હતું. જયારે રૂત્વીક કાર લઈને કલોલ આવ્યો હતો અને બધાને લઈને એરપોર્ટ ગયો હતો. જયારે દેવમ દિલ્હીની ટીકીટ લઈને આવ્યો હતો. ત્યારબાદ દંપતિ અમેરીકા જવા માટે દિલ્હીની ફલાઈટમાં બેસી ગયા બાદ વિષ્ણુભાઈને લઈ રૂત્વીક કલોલ આવ્યો હતો. તેણે ફોન કરી ત્રણ શખ્સોને બોલાવી લીધા હતા. જેમાં એક રેયાન નામનો શખ્સ હતો. વિષ્ણુંભાઈએ પૈસા રૂ.૧૦ લાખ બતાવ્યા હતા.જેથી ચારેય ઉઘરાણી ચાલુ રાખી હતી. જયારે વિષ્ણુભાઈએ અમેરીકા પહોંચે એટલે પૈસા આપવાની વાત કરી હતી.જેથી રેયાન નામના શખ્સે રિવોલ્વર કાઢી વિષ્ણુભાઈ સામે તાકી દીધી હતી અને ફાયરીંગ કર્યું હતું. જેથી વિષ્ણુભાઈ ખસી જતા ગોળી સોફામાં ઘુસી ગઈ હતી. જેથી બુમાબુમ અને હોહા થતા આસપાસના નાગરીકો આવી જતા રૂત્વીક વિજય પારેખ પકડાઈ ગયો હતો.જયારે એસઓજી ટીમે દેવમ બ્રહ્મભટ્ટને પણ પકડી પાડીને આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલમાં લારી-ગલ્લાના દબાણનો રાફડો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લારી-ગલ્લાના દબાણો રાફડો ફાટ્યો છે. દબાણને પગલે માર્ગ પર આવન જાવન કરતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે કેમ્પસમાં દવાની દુકાનોની સામે આંતરે દિવસે નાના મોટા અકસ્માત થતા રહે છે. ત્યારે કેમ્પસમાંથી દબાણો હટાવવા માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ઓપીડી અને ૬૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓ એડમીટ થઈ સારવાર મેળવી રહ્યા છે. જયારે બીજીતરફ મેડીકલ કોલેજ અને નર્સિંગ કોલેજને પગલે સિવિલ કેમ્પસમાં વાહનોની આવન-જાવન વધુ રહે છે. ત્યારે સિવિલના ગેટ પાસે અંદરની બાજુએ પાથરણા તેમજ ચાની લારી ધારકો ખડકાઈ ગયા છે. તો બીજતરફ દવાની દુકાનોની સામે ફ્રુટની લારીઓ તેમજ ખાણીપીણીની લારીઓ પણ દુકાનો પાસે ખડકાઈ જવા પામી છે. જેને પગલે દબાણનો રાફડો દિવસે ને દિવસે કેમ્પસમાં વધતો જોવા મળે છે. જો સિવિલ તંત્ર દબાણકારોને હટાવવામાં નહી આવે તો સિવિલ કેમ્પસની અંદર લારી ગલ્લાના દબાણો નવા ઉભા થઈ જાય તો નવાઈ નહી. સિવિલની કેમ્પસની અંદર દબાણનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની જાય તો નવાઈ નહી.

# રાંધેજા પાસે એસયુવી કારમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## એસયુવી કારની નંબર પ્લેટ પણ ખોટી લગાવી હતી, પોલીસે દારૂ, કાર અને મોબાઈલ સહિત ૬.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૬

રાજસ્થાનના જાંબુડી ખાતેથી વિદેશી દારૂ ભરેલી એસયુવી કાર રાંધેજા પાસેથી પેથાપુર પોલીસે ઝડપી પાડી છે. રાજસ્થાન થી નીકળેલી કારની નંબર પ્લેટ પણ ખોટી ચીપકાઈ હતી. જયારે રાજસ્થાન, ગાંધીનગર થઈને અમદાવાદ દારૂની ડીલીવરી આપવા નીકળેલા બે શખ્સો રસ્તામાં જ પકડાઈ ગયા હતા. પોલીસે દારુ સહિત રૂ.૬,૩૮,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

પેથાપુર પીએસઆઈ જવાનો સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે બાલવા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી એસયુવી કાર અમદાવાદ તરફ જઈ રહી છે.જેથી પોલીસે રાંધેજા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બામતીવાળી કાર આવી પહોંચતા જ પોલીસે તેને કોર્ડન કરી ઉભી રાખી હતી. પોલીસે કારમાં સવાર શખ્સોને પુછપરછ કરતા તેઓએ પોતાના નામ સુરેન્દ્રસિંહ ઉમેદસિંહ રાઠોડ તેમજ કાંતિલાલ ગરાસિયા (બંને રહે આબુરોડ શિહોર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા રૂ.૧.૩૬ લાખની વિવિધ બ્રાન્ડની વિદેશી દારુ-બિયરની બોટલ મળી આવી હતી. જયારે કારમાં દારૂનો જથ્થો જાંબુડી ખાતે થી રાહુલ ચૌહાણ અને ઈશ્વરસિંગ નામના વ્યકિતએ ભરી આપ્યો હતો અને સુરેન્દ્રસિંહ રાઠોડને ત્યાં દારુ પહોંચાડવાનો હતો. જયારે પોલીસની ઝીણવટભરી તપાસમાં કારનો નંબર ખોટો હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે બે શખ્સોની ઉંડાણપૂર્વક તપાસ કરતા તેઓએ પોલીસને બચવા માટે ખોટી નંબર પ્લેટ લગાવી રાજસ્થાન બોર્ડર પાર કરી ગાંધીનગર થઈને અમદાવાદ જઈ રહ્યા હતા. પોલીસે રૂ.૧.૩૨ લાખનો દારુ-બિયરની બોટલ, એસયુવી કાર, બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૬.૩૮,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલથી ત્રિ-દવસીય ઓનલાઇન રોજગાર ભરતીમેળો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા જિલ્લાના રોજગારવાંચ્છુક ઉમેદવારો માટે આગામી તા. ૮, ૧૦ અને ૧૧ મી ફેબ્રુઆરીના રોજ ગુગલ મીટના માધ્યમથી ઓનલાઈન ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓનલાઈન ભરતી મેળામાં ધોરણ ૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજયુએશન, આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા અભ્યાસ કરેલા ઉમેદવારો જોડાઈ શકશે. આ રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માટે ગુગલ લીંક ફાર્મમાં રજીસ્ટ્રેશન ફરજીયાત છે. જેની લીંક https://forms.gle/R7eVqBaV1ex8jc416 છે.

આ ભરતી મેળામાં જોડાવા માટે તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ ગુગલ મીટની લીંક meet.google.com/gaq-mswy-tiw, તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ ગુગલ મીટની લીંક meet.google. com/etk-nauy-ngj અને તા. ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ માટેની ગુગલ મીટ લીંક meet.google.com/yya-jfox-kvy છે. તમામ લીંકમાં જોડાવવાના સમય સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકનો છે, તેવું જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# કોવિડ-૧૯ પ્રતિરોધક ઉકાળા-હોમીયોપેથીક દવાનો વિતરણ કેમ્પ યોજાયો

સાદરા સ્થિત સુક્ષ્મ જીવાણુ વિજ્ઞાન વિભાગ તેમજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પરિસર ખાતે કોવિડ-૧૯ પ્રતિરોધક ઉકાળા તેમજ હોમિયોપેથીક દવાનો વિતરણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૫૭ લાભાર્થીઓએ ભાગ લીધો. જેમાં આયુર્વેદ તેમજ હોમિયોપેથિક પદ્ધતિ દ્વારા કોવિડ ઉપરાંત જુદા જુદા રોગોનું નિદાન તેમજ સારવાર કરવામાં આવી.સમગ્ર કાર્યક્રમમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવા તેમજ પરિચારિકા ચેતનાબેન જાનીનો સહયોગ સાંપડ્યો હતો. દોલારાણા વાસણાના સરકારી આયુર્વેદ દવાખાનાના વૈદ્ય પલક કટારીયા તેમજ ચીલોડા સરકારી હોમિયોપેથિક દવાખાનાના તબીબ ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિએ નિષ્ણાત તરીકે સેવા આપી હતી.




કોરોનાકાળ દરમ્યાન ધંધા-રોજગાર પર ખુબ અસર થઈ છે. યુવાનોને રોજગારી માટે અવનવા રસ્તા અપનાવવા પડ્યા છે. ઘ-૩ થી ગ-૩ની વચ્ચેના ફૂટપાથ પર આવો જ એક ફેરીયો ચંપલ-સેન્ડલ વેચી ઘરના બે છેડા ભેગા કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ ફેરીયાને તેનો નાનકડો દિકરો મદદ કરી રહ્યો છે. ફૂથપાથ પર બુટ-ચંપલ ગોઠવવાથી લઈને રાહદારીએ પોતે ગોઠવેલા ચંપલ પાસેથી પસાર ન થાય તેનુ ધ્યાન પણ રાખી રહ્યો છે.

# જૂનાગઢના ખ્યાતનામ સંત કાશ્મીરી બાપુનું ૯૭ વર્ષે નિધન

જૂનાગઢ, તા.૬

સંત કાશ્મીરી બાપુનો જીવનદીપ બુઝાયો હતો. સંત કાશ્મીરી બાપુના અવસાનથી ગિરનારના સાધુ સંતો અને ભાવિકોમાં ઘેરોશોક વ્યાપી ગયો છે. સંત કાશ્મીરી બાપુનું આજે અવસાન થયું છે. તેઓએ પોતાની યુવા અવસ્થામાં ગિરનાર પર દત ભગવાનનું વર્ષો સુધી તપ કર્યું હતું. સિદ્ધહસ્ત તરીકે પૂજનીય ગણાતા કાશ્મીરી બાપુનું ૯૭ વર્ષની વયે અવસાન થયું છે. તેઓએ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. થોડા દિવસો પહેલા જ ખાનગી હોસ્પિટલમાં તેઓ સારવાર હેઠળ હતા. ત્યારે આજે તેમનો દેહવિલય થતા ગિરનારના સાધુ સંતો અને ભાવિકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

કાશ્મીરી બાપુનો પાર્થિવદેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો છે. આવતીકાલે બાપુના દેહને સમાધિ આપવામાં આવશે. હાલ કોરોનાની સ્થિતિને જોતા અને બાપુનો વિશાળ ભક્ત સમુહને જોતા તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે. કોઈ પણ પ્રકારની અવસ્યવસ્થા ન સર્જાય તે માટે તૈયારીઓ શરૂ કરી છે.

# ‘વિજ્ઞાન દ્વારા વિકાસ’ની થીમ પર આયોજિત જીવીએસ-૨૦૨૨નું સમાપન

ગાંધીનગર, તા.૬

ઓનલાઈન આયોજિત ગુજરાત વિજ્ઞાન સંમેલનમાં વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થી, શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, સ્ટાર્ટ અપ, સંશોધન ઉદ્યોગકારો, એન્જીનીયરો આયુર્વેદિક ડોક્ટર, ગણિતજ્ઞોએ ભાગ લીધો હતો. તેમના દ્વારા વિજ્ઞાન દ્વારા ગુજરાતનો વિકાસ કેવી રીતે થાય તે હેતુસર અલગ અલગ ૧૩ જેવા વિષયો જેવા કે એગ્રીકલ્ચર, એંજીન્યરિંગ, બાયોટેક્નોલોજી, આયુર્વેદા, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, વેદો અને વિજ્ઞાન, ભારતીય વિજ્ઞાનીઓનું દેશના વિકાસમાં સહયોગ જેવી થીમ પર તારીખ ૩૦ જાન્યુઆરી થી ૫મી ફેબ્રુઆરી સુધી યોજાયો હતો.

સમાપન સત્રમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ પ્રો. નવીન શેઠ, પ્રો. હિમાંશુ એ.પંડ્યા, હર્ષદ પટેલ, સુધીર સિંહ ભદોરિયા તથા ‘વિભા’ તથા વિજ્ઞાન ગુર્જરીના અધિકારી અને વિજ્ઞાન ભારતીના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય ડો. વિદ્યાધર વૈદ્ય, પ્રાંત અધ્યક્ષ ડો.ચૈતન્ય ભાઈ જોશી, જીવીએસ-૨૦૨૨ સંયોજક ડો.પ્રશાંત કુંજડિયા, સહસંયોજક




જીગ્નેશભાઈ બોરીસાગર, અને સહસયોજક સુનિલ કહર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સંમેલનમાં ભારતભરમાંથી ૨૫૦ જેટલી સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટી જેવી અલગ અલગ સંસ્થાઓએ ભાગ લીધો હતો જેમને ૧૫૦ થી વધુ એક્સપર્ટ દ્વારા નોલેજ શેરિંગ કરવામાં આવ્યું હતું.



# કુડાસણમાં યોજાયેલા કેમ્પમાં ૫૫ યુનિટ્સ રક્તદાન

આજે ગાંધીનગરના કુડાસણમાં ફેમકેર વુમેન્સ હોસ્પિટલ ખાતે એક અનોખો રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં એક ભાઈએ પોતાના સ્વર્ગસ્થ ભાઈની યાદમાં આયોજન કર્યુ હતું. થેલેસેમિયા મેજર દર્દી સ્વ. દર્ષિત ઠક્કના જન્મદિવસે તેની યાદમાં તેમના ભાઈ રૂચિત ઠક્કર અને પરિવાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવેલા રક્તદાન કેમ્પમાં કુલ ૫૫ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું જે એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે રૂચિત ઠક્કરે જણાવ્યું હતું કે ‘મારો નાના ભાઈ સ્વ. દર્ષિત થેલેસેમિયા મેજર હતો જેને દર મહિને લોહી ચડાવવું પડતું હતું. તેના સ્વર્ગવાસ બાદ છેલ્લા ત્રણ વર્ષની દર્ષિતની યાદમાં એના જન્મદિવસે હું અને મારા મિત્રો ભેગા થઈને ગાંધીનગર સિવિલ બ્લડ બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ. થેલેસેમિયા જેવી કન્ડિશનમાં દર્દીને દર મહિને લોહીની જરૂર પડતી હોય છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરિયાતમંદ લોકોના જીવ બચાવવામાં ઉપયોગ થાય છે.’

## જીતી લીધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈંગ્લેન્ડને ૪ વિકેટથી અંડર-૧૯ વર્લ્ડકપમાં જીત મેળવી લીધી છે. સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડે પહેલા બેટિંગ કરીને ૪૪ ઓવરમાં ઓલઆઉટ થઈને ૧૮૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં ભારતે ૪૮.૪ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૫ રન બનાવીને કપ પોતાના નામે કર્યો હતો. દિનેશે વનડે વર્લ્ડકપ૨૦૧૧માં ધોનીએ ફટકારેલા છગ્ગાની જેમ ગેમને ફિનિશ કરી હતી. ૧૯૦ રનના લક્ષ્યોનો પીછો કરવા માટે ઉતરેલી ભારતીય ટીમની ખરાબ શરુઆત રહી હતી. ઓપનર અંગકૃષ્ણ રઘુવંશીએ ખાતું ખોલ્યા વગર પેવેલિયન ભેગું થવું પડ્યું હતું, તેણે પહેલી જ ઓવરમાં જોશુઆ બોડેનના બોલ પર એલેક્સના હાથ કેચ આઉટ થયો હતો. આ પછી હરનૂર અને શેખ રશીદે સ્થિતિ સંભાળીને ટીમને ૫૦ રનની નજીક લઈ ગયા હતા, જોકે, ૪૯ રનના સ્કોર પર ભારતે બીજી વિકેટ ગુમાવી હતી. આ પછી વાઈસ કેપ્ટન શેખ અને કેપ્ટન યશ ઢુલેએ સ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, શેખે ૮૪ બોલમાં ૬ છગ્ગા ફટકારીને ૫૦ રન કર્યા હતા અને તે પછી તેણે જેમ્સે સેલેસની ઓવરમાં વિકેટ ગુમાવી હતી, આ પછી સેલેસે કેપ્ટન યશને પણ ૧૭ રને પેવેલિયન ભેગો કર્યો હતો. હવે ભારતનો સ્કોર ૯૭ રન પર ૪ વિકેટ હતો. અહીંથી રાજા બાવા અને નિશાંત સિંધુએ ૮૮ બોલમાં ૬૭ રનની શાનદાર પાર્ટનરશિપ કરીને ભારતને જીતની નજીક પહોંચાડી દીધું હતું. ભારત જીતની એકદમ નજીક હતું ત્યારે ૪૩મી ઓવરમાં જોસુઆએ ટોમ પ્રેસ્ટના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. આ પછી દિનેશે ૪૮મી ઓવરમાં છગ્ગો ફટકારીને ભારતને મોટી જીત અપાઊ હતી.

## સૂરજ આથમ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતિમ સંસ્કાર રાજ્ય સન્માન સાથે કરવાનો આદેશ આપ્યો હતો. બોલિવૂડના પ્રખ્યાત નિર્દેશક સંજય લીલા ભણસાલી પણ પ્રભુકુંજ પહોંચી ગયા હતા. લતા મંગેશકરના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે ભણસાલી પહોંચી ગયા હતા. સંજય લીલા ભણસાલી પ્રભુકુંજની બહાર ભાવુક થતા જોવા મળ્યા હતા.

લતાજીના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે અમિતાભ બચ્ચન સહિતની બોલિવુડ સેલિબ્રિટિઓ પહોંચી હતી અને તેમને અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ આપી હતી. લતાદીદીનો પાર્થિવ દેહ તેમના નિવાસસ્થાન પ્રભુકુંજની બહાર શબવાહિનીમાં લાવવામાં આવ્યો હતો. ભારતીય સિનેમાના મહાન પાર્શ્વ ગાયકોમાંથી એક લતા મંગેશકરે પોતાના કરિયરની શરૂઆત ૧૩ વર્ષની વયે કરી હતી. ભારતના સ્વરકોકિલા તરીકે જાણીતાં લતા મંગેશકરે ૧૯૪૨માં પોતાનું પહેલું ગીત રેકોર્ડ કર્યું હતું. સાત દશકા લાંબા કરિયરમાં તેમણે ૩૦,૦૦૦થી વધુ ગીતો ગાયા છે. ’એક પ્યાર કા નગમા હે’, ’રામ તેરી ગંગા મેલી’, ’એક રાધા એક મીરા’, ’દીદી તેરા દેવર દિવાના’ વગેરે જેવા કેટલાય ગીતો જે આજે લોકકંઠે છે તેને લતા મંગેશકરે અવાજ આપ્યો હતો.

લતા મંગેશકરનું જીવન સરળ નહોતું અને તેમણે જીવનમાં સંઘર્ષનો સામનો કરવો પડ્યો છે. લતા મંગેશકરને એક ઈન્ટર્વ્યુના અંતમાં પૂછવામાં આવ્યું કે, તે આવતા જન્મમાં શું બનવા માંગશે, તો તેમનો જવાબ હતો કે, હું ગમે તે બનીશ પરંતુ લતા મંગેશકર તો બનવા નહીં માંગુ. લતા મંગેશકર સાથે ઘણાં સારા સંબંધ ધરાવતા જાવેદ અખ્તરે એકવાર શૉ દરમિયાન આ વાતને યાદ કરી હતી. તેમણે કહ્યુ હતું કે, હું લતા મંગેશકરનો તે જવાબ સાંભળીને ચોંકી ગયો હતો. પરંતુ ત્યારપછી મેં જ્યારે તેમના જીવનના વિવિધ પાસાઓને ઊંડાણપૂર્વક જાણ્યા તો ખબર પડી કે, તેઓ જીવનમાં કેટલી તકલીફોમાંથી પસાર થયા હતા. તે તકલીફો એટલી હતી હતી તેઓ ફરીથી લતા બનવાથી ડરતા હતા.

## રડાવી દીધા હતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આત્મવિશ્વાસ ફરીથી જાગી જાય. આ ગીતની અહીંથી શરુઆત થઈ હતી.

કવિ પ્રદીપના પુત્રીના પુસ્તક પ્રમાણે કવિ પ્રદીપ મુંબઈમાં માહિમ સમુદ્ર તટ પર વોક કરી રહ્યા હતા. ત્યારે તેમના મગજમાં એક શબ્દ આવ્યો હતો. તેમણે પોતાના સાથી પાસે કલમ અને કાગળ માંગ્યો હતો અને આ કાગળ પર તે દિવસે મહાન ગીતનો જન્મ થયો હતો. જેને આખા દેશને રડાવી દીધા હતા. જ્યારે પ્રદીપે આ ગીત ગાવા માટે લતા મંગેશકર સામે પ્રસ્તાવ રાખ્યો તો તેમણે ઠુકરાવી દીધો હતો. તેનું કારણ એ હતું કે તેમની પાસે સમય ન હતો. જેનાથી ગીતનું રિહર્સલ કરી શકે. આ ગીતને સૌ પહેલા ૧૯૬૩ના સ્વતંત્રતા દિવસ સમારોહમાં ગાવાનું હતું. ઘણી મુશ્કેલી પછી લતા મંગેશકર એકલા આ ગીત ગાવા માટે દિલ્હી આવ્યા હતા. આ ગીતના કમ્પોઝર સી.રામચંદ્ર હતા. દિલ્હીના જે સ્ટેડિયમમાં આ સમારોહ થવાનો હતો. તેમાં રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ, ઈન્દીરા ગાંધી પણ સામેલ હતા. આ સિવાય દિલીપ કુમાર, રાજ કપૂર, મેહબુબ ખાન, શંકર જયકિશન, મદન મોહન સહિત ઘણા મોટા દિગ્ગજો હતા. આ આયોજન આર્મીના જવાનો માટે ફંડ ભેગું કરવા માટે કરવામાં આવ્યું હતું. આટલા મોટા-મોટા લોકો સામે ગીત ગાતા પહેલા લતા દી નર્વસ હતા. લતા દી એ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ભરચક ભરેલા સ્ટેડિયમમાં મેં ભજન ઈશ્વર-અલ્લાહ તેરો નામ અને પછી એ મેરે વતન કે લોગો....ગાયું હતું.